*Press Note: Foundation Day Celebration and Kisan Mela Organized at ICAR-DGR, Junagadh, Gujarat*



## કેન્દ્ર સરકારના મગફળી સંશોધન કેન્દ્રને આજે ૪૫ વર્ષ થશે પુર્ણ

# મગફળી સંશોધન કેન્દ્રની સંશોધિત ૧૧ જાતો ગુજરાતમાં સૌથી વધુ પ્રચલિત



જૂનાગઢ, તા.૩૦

જૂનાગઢમાં આવેલા મગફળી અનુસંધાન નિર્દેશાલયની સ્થાપનાને કાલે ૪૫ વર્ષ પુર્ણ થશે. તેની સ્થાપના તા.૧ ઓક્ટોબર ૧૯૭૯ના રોજ ઈવનગર નજીક કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદેશ્ય ભારત દેશમાં મગફળી ઉગાડતા જુદા-જુદા રાજયોને વધુ ઉત્પાદન ક્ષમતા ધરાવતા અને રોગપ્રતિકારક શક્તિ ધરાવતા જીનોટાઈપસ લાઈનસનું આદાન પ્રદાન કરવાનું અને એઆઈસીઆરપી મગફળી દેશના જુદા જુદા રાજ્યના મગફળી સંશોધન કેન્દ્રોને ટ્રાયલ્સ ગોઠવી આપવાનું, નવી નવી જતો ખેડૂતો માટે અખિલ ભારતીય કક્ષાએથી બહાર પાડવાનું, તેનું રિપોર્ટીંગકરવાનું, કમ્પ્લીસ્ટેશન કરવાનું, દેખરેખ રાખવાનું અને તાંત્રિક માર્ગદર્શન આપવાનું છે. આ ઉપરાંત મગફળી અનુસંધાન નિર્દેશાલય મગફળીમાં નવીનતમ ટેકનોલોજીનો સંયોગ કરવાના હેતુથી દેશના જુદા જુદા વૈજ્ઞાનિકોને તાલીમ આપવાનું કામ કરે છે. એનઆરસીજીના ૪૫ વર્ષ પુર્ણ થતા તા.૧ ઓકટોબરના કિસાન મેળાનું આયોજન તથા મગફળીના સંશોધન કામગીરીની સમગ્ર રૂપરેખા સહિતના દિવસભર અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

દેશમાં મગફળીનું ઉત્પાદન, ઉત્પાદન વિસ્તાર અને દેશના નાગરીકોને સારી ગુણવતાયુક્ત સિંગતેલ મળી રહે અને તેમાં આવતી અડચણો દુર કરવાનું કાર્ય કરે છે. મગફળીનો દેશમાં વધુ વ્યાપ અને વાવેતર થાય અને પામતેલની આયાત ઓછી કરી મગફળી સિંગતેલમાં આત્મનિર્ભર થવા માટે દેશમાં આવતી સમસ્યાઓ દુર કરવાનું કામ કરતી સંસ્થા છે. ગુજરાતમાં મગફળી દર વર્ષે ૧૮ થી ૧૯ લાખ હેકટરમાં વાવેતર થાય છે. જેની એવરેજ ઉત્પાદન ક્ષમતા ૧૮૦૦ થી ૨૦૦૦ કિલો પ્રતિ હેકટરની આજુબાજુ છે. આ વર્ષે ચોમાસું સિઝન-૨૦૨૩માં ૧૬ લાખહેકટર એરિયામાં મગફળીનું વાવેતર થયું છે. જેનું ઉત્પાદન અંદાજે ૪૧ થી ૪૩ લાખ મેટ્રિક ટન થવાનો અંદાજ છે. હાલ ગુજરાતમાં મગફળીનો બીજ બદલાવ દર પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ૧૮ થી ૨૦ ટકા જેટલો છે જેને ૨૫ થી ૩૦ ટકા સુધી લઈ જવાની જરૂર છે.

ઓલિક એસીડના કારણે મગફળીની સંગ્રહશક્તિ કે જે સામાન્ય મગફળીની જાતોમાં (૫૫ થી ૬૫ ટકા)ની આસપાસ હોય છે પરંતુ ગિરનાર-૪ અને ગિરનાર-૫ જાતો કે જેમાં ઓલિક એસીડની માત્રા(૭૯.૫ ટકા) હોય છે જેથી આ મગફળીની સંગ્રહશક્તિ સામાન્ય મગફળીની સંગ્રહશક્તિ કરતા ૧૦ ગણી વધારે હોય છે. ગિરનાર-૪ અને ગિરનાર-૫ મગફળીની ઉત્પાદન ક્ષમતા ૩૨૦૦ કિલો/હેકટર કરતા પણ વધારે છે જે હાલમાં ખેડૂતોમાં પ્રચલિત જાત જીજી-૨૦ની સરખામણી માં ખુબ જ સારી અર્ધવેલડી પ્રકારની જાતો છે. આ બંને જાતોમાં રહેલા તેલની ટકાવારી પણ ૫૩ ટકા સુધીની છે. ભવિષ્ય માં ખેડૂતોને ઉચ્ચ ગુણવતા યુક્ત હાઈ ઓલિક એસીડ ધરાવતી બંને જાતોનું બિયારણ મળી રહે તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. મગફળી ઉત્પાદન પ્રણાલીની નફાકારકતા વધારવા માટે મગફળી અનુસંધાન નિર્દેશાલય દ્વારા માઈક્રોબાયલ ટેકનોલોજીથી બનાવવામાં આવેલ બાયોફર્ટીલાયઝર જેવા કે નટ બુસ્ટ, નટ ગ્રો, નટ મેજીક, સાલ ગાર્ડ, ફ્રૂટ ગાર્ડ વગેરેના ઉપયોગથી ખેડૂતોના ઉત્પાદન અને નફાકારકતામાં વધારો થઈ શકે છે.

## કઈ-કઈ મગફળીની જાતોની કરવામાં આવી છે શોધ ?

મગફળી અનુસંધાન નિર્દેશાલય અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તેલીબીયા સંશોધન કેન્દ્રના સહિયારા પ્રયાસો દ્વારા બહાર પાડવામાં આવેલી મગફળીની જાતો જેવી કે, જીજી-૩૨, જીજી-૩૩, જીજી-એચ.પી.એસ-૨, જીજી-૩૫, જીજી-૨૩, જે-૮૭, જીજી-૩૭, જીજી-૩૮, જીજી-૩૯, જીજી-૪૦, જીજી-૪૧ પણ ખેડૂતો માં ખુબ જ પ્રચલિત છે. આ ઉપરાંત મગફળીમાં આવતી ઘેણ અને તેનું વ્યવસ્થાપન, મગફળીમાં આવતી પીળાશની સમસ્યા અને તેના ઉકેલ, ચોમાસું મગફળીમાં પેક્લોબ્યુટ્રાઝોલના(એક રસાયણ છે જે છોડમાં હોર્મોન તરીકે કામ કરે છે ) છંટકાવથી ઉત્પાદકતા અને નફાકારકતામાં વૃદ્ધિ ઉપરાંત એફલાટોક્સીન નામક ઝેરી તત્વને મગફળીમાં આવતું અટકાવવાના પ્રયાસો દ્વારા ખેડૂતોને ખુબ ઉપયોગી સાબિત થયેલ છે.

## બે જાત સૌથી વધુ બની છે સફળ

મગફળી અનુસંધાન નિર્દેશાલય જૂનાગઢ દ્વારા સાલ-૨૦૨૦માં ઉચ્ચ ગુણવતાવાળી હાઈ ઓલિક મગફળીની જાતો જેવી કે, ગિરનાર-૪ અને ગિરનાર-૫ બહાર પાડવામાં આવી છે. જે ખુબ જ અગત્યની ફોર્ટીફાઈડ જાતો તરીકે જાણીતી અને પ્રચલિત થઈ છે. ગિરનાર-૪ અને ગિરનાર-૫ જાતોની ખાસિયત એ છે કે જે નોર્મલ ઓલીવ ઓઈલમાં ઓલિક એસીડ ૭૫% આસપાસ હોય છે પરંતુ ગિરનાર-૪ અને ગિરનાર-૫ જાતોમાં આ ઓલિક એસીડ ૭૯.૫% કરતા પણ વધુ હોય છે. ઓલિક એસીડ માનવ સમુદાયના સ્વાસ્થ્ય માટે ખુબ જ અગત્યનું છે જે માનવ શરીરમાં બેડ કોલેસ્ટ્રોલ જમાવવા દેતું નથી અને માનવ શરીરમાં રહેલ ધમની અને શિરાઓને ખુલ્લી કરવાનું કામ કરે છે.

*Press Note: Foundation Day Celebration and Kisan Mela Organized at ICAR-DGR, Junagadh, Gujarat*

દિવ્ય ભાસ્કર
જૂનાગઢ ભાસ્કર 01-10-2023

# ખેડુતોને મગફળીનું ઉત્પાદન વધારવા માર્ગદર્શન અપાશે

## 45 વર્ષમાં મગફળીની અનેક નવી જાતનું કર્યું સંશોધન

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

જૂનાગઢમાં આજથી 45 વર્ષ પહેલા જેની સ્થાપના થઈ હતી તેવા મગફળી સંશોધન કેન્દ્રના સ્થાપના દિવસે આજે જૂનાગઢ ખાતે ખેડૂત મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 600 જેટલા ખેડૂતો ઉપરાંત કૃષિ સંશોધકો, વૈજ્ઞાનિકો અને ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેવાના છે. રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂતો સાથે વાર્તાલાપ અને ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. એ ઉપરાંત સંશોધન કેન્દ્રના શ્રેષ્ઠ કર્મચારીઓનું અને ખેડૂતોનું સન્માન કરાશે. દેશની આગામી જરૂરિયાત અને તેમાં મગફળી તેમજ તેલના ઉત્પાદન અંગેની સ્થિતિને કેમ બદલી શકાય તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. જૂનાગઢ મગફળી સંશોધન કેન્દ્ર દેશના તમામ રાજ્યના ખેડૂતોને મગફળીના વાવેતરથી લઈને ઉત્પાદન સુધી તમામ પ્રકારનું માર્ગદર્શન આપી રહ્યું છે.

## *Press Note: Foundation Day Celebration and Kisan Mela Organized at ICAR-DGR, Junagadh, Gujarat*



મગફળી સંશોધન કેન્દ્રના 45માં સ્થાપના દિવસે ડાયરેક્ટર ડો.એસ.કે.બેરાએ કરી જાહેરાત

# જૂનાગઢ મગફળી સંશોધન કેન્દ્રમાં દેશ-વિદેશની મગફળીની ૭ હજાર જાતનો જીનપુલ ઉપલબ્ધ,નવી જાતના સંશોધન માટે ઉપયોગી થશે

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

જૂનાગઢ જિલ્લો રાજ્યમાં સૌથી વધુ મગફળીનું ઉત્પાદન કરતો હોવાથી અહીં સ્થપાયેલા રાષ્ટ્રીય કક્ષાના મગફળી સંશોધન કેન્દ્રના આજે 45માં સ્થાપના દિવસે 600થી વધુ ખેડૂતોને આગામી સમયમાં બદલાતા વાતાવરણ વચ્ચે પણ મગફળીનું ઉત્પાદન કે વધારી શકાય અને મગફળીનું તેલ માનવ આરોગ્ય માટે કેમ વધુ સુરક્ષિત બને તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મગફળી સંશોધન કેન્દ્ર જૂનાગઢના ડાયરેક્ટર ડો એસ કે બેરા એ કહ્યું હતું કે ગ્લોબલ વોર્મિંગ સૌથી મોટો ચિંતાનો વિષય છે આ વિષમ સ્થિતિમાં પણ મગફળીનું ઉત્પાદન કેમ વધતું રહે તે માટે વૈજ્ઞાનિકો સતત નવી નવી જાતનું બિયારણ શોધી રહ્યા છે જૂનાગઢ સંશોધન કેન્દ્ર પાસે દેશ અને વિદેશની જુદી જુદી ૭ હજાર જેટલી મગફળીની જાતનીનો જીનપુલ છે તેના ઉપયોગથી અહીં અનેક જાતની મગફળીનું સંશોધન થઈ રહ્યું છે ખાસ કરીને આવનારા સમયમાં જીવાત સામે રક્ષણ આપી શકે,ક્ષારયુક્ત જમીનમાં પણ ઉગી શકે,ઉંચા તાપમાન વચ્ચે પણ જેનો ગ્રોથ થઈ શકે,ઓછું પાણી હોય તો પણ સારું ઉત્પાદન આપી શકે તેવી અલગ અલગ મગફળીની જાતના જીનનું એકત્રીકરણ કરીને તેમાંથી નવી નવી મગફળીનું બિયારણ તૈયાર કરવામાં આવી રહ્યું છે 1979ની સાલમાં જૂનાગઢ ખાતે રાષ્ટ્રીય કક્ષાના મગફળી સંશોધન કેન્દ્રની સ્થાપના એટલે કરવામાં આવી હતી કે ભારતમાં 5 રાજ્ય મગફળીનું ઉત્પાદન મેળવે છે તેમાં ગુજરાત,મહારાષ્ટ્ર,તામિલનાડુ ,આંધ્રપ્રદેશ અને તામિલનાડુનો સમાવેશ થાય છેતેમાં પણ ગુજરાતનો હિસ્સો 80 ટકાનો રહ્યો છે પરંતુ ગુજરાતમાં સૌથી વધુ મગફળીનું ઉત્પાદન જૂનાગઢ જિલ્લાના ખેડૂતો કરી રહયા હોવાથી અહીં આ પ્રકારનું સંશોધન શરુ કરવામાં આવ્યું હતું ભવિષ્યમાં મગફળીનું તેલ કે જેનો ખાવામાં ઉપયોગ થાય છે તે માનવજાતને વધુ તંદુરસ્ત રાખી શકે તે માટે ઓલીક એસિડનું વધુ પ્રમાણ ધરાવતી વનસ્પતિની જાતનું બિયારણ ઉપયોગી થશે તેમાં હાલ ગિરનાર 4 અને ગિરનાર 5 મગફલીનીનું બિયારણ આવનારા બે વર્ષમાં જ સૌરાષ્ટ્રના ખેડૂતોને મળતું થાય તેવા પ્રયાસ થઈ રહયા છે. ગિરનાર 4 અને ગિરનાર 5ની મગફળીની આ નવી જાતમાં ઓલીક એસિડનું પ્રમાણ 78થી ટકા હોવાથી તે માનવ આરોગ્ય માટે પણ શ્રેષ્ઠ સાબિત થશે.

### ખેડૂતો પાસે બિયારણ માટે ઉત્પાદન લીધું જેના ઉંચા ભાવ પણ આપ્યા

જૂનાગઢ સ્થિત મગફળી સંશોધન કેન્દ્ર દ્વારા ગત વર્ષમાં ગિરનાર 4 અને ગિરનાર 5 ની મગફળીની નવી જાતનું બિયારણ 65 ખેડૂતોને આપવામાં આવ્યું હતું જે તમામ ઉત્પાદન ઉંચા ભાવે ખરીદ કરીને વધુ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવ્યું છે આમ આ બિયારણ સતત વધતું જશે જેથી અન્ય ખેડૂતો માટે આવનારા વર્ષોમાં તે ઉપલબ્ધ થઈ જશે.

---

મગફળી સંશોધન અંગે વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત

# જૂનાગઢ મગફળી સંશોધન કેન્દ્રનો ૪૫મો સ્થાપના દિવસ ઉજવાયો

## કિસાન મેળામાં રાજ્યભરના ખેડૂતોએ ભાગ લીધો

| જૂનાગઢ |

ભા.કૃ. અનુપ - મગફળી સંશોધન નિર્દેશાલય જૂનાગઢનો આજે ૪૫મો સ્થાપના દિવસ ઉજવાયો હતો.

તા.૧ ઓક્ટોબરના જૂનાગઢના ઈવનગર રોડ સ્થિત મગફળી સંશોધન નિર્દેશાલયના ૪૫મા સ્થાપના દિવસ નિમિત્તે બહોળી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા ધારાસભ્ય સંજય કોરડીયાએ પરંપરાગત ખેતીમાંથી બહાર આવી ખેડૂતોએ ટપક સિંચાઈ જેવી આધુનિક પદ્ધતિઓ અપનાવવી જોઈએ તેમ જણાવ્યુ




હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ નેશનલ બોટનીકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ - લખનૌના ડાયરેક્ટર ડો.અજીતકુમાર શાસનીએ ખેડૂતોને જણાવ્યુ હતું કે જૂનાગઢનું આ કેન્દ્ર દેશ-વિદેશમાં મહત્વ ધરાવે છે અને અહીંના વૈજ્ઞાનિકો મગફળી સંશોધન અંગે સતત કાર્યરત છે. તેમ જણાવી તેમણે મગફળી તેલને ઉત્તમ ગણાવ્યુ હતું. આ પ્રસંગે યોજાયેલ કિસાન મેળામાં રાજ્યના વિવિધ જિલ્લાઓના ૬૦૦ થી વધુ ખેડૂતોએ કિસાન મેળાના સ્ટોલમાં દર્શાવેલ વિવિધ ઉત્પાદનોને જાણ્યા હતાં.

***Press Note: Foundation Day Celebration and Kisan Mela Organized at ICAR-DGR, Junagadh, Gujarat***

# ભાકૃઅનુપ-મગફળી સંશોધન નિદેશાલયનો સ્થાપના દિવસ અને કિસાન મેળાની ઉજવણી કરવામાં આવી




(વ્રજકિશન ભૂમિ)

ભાકૃઅનુપ-મગફળી સંશોધન નિદેશાલય, જૂનાગઢ દ્વારા ૧ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ તેનો ૪૫મો સ્થાપના દિવસ અને કિસાન મેળાની ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનાં માનનીય કુલપતિશ્રી ડો. વી. પી. ચોવટીયાનાં અધ્યક્ષસ્થાને કિસાન મેળો યોજાયો હતો. શ્રી સંજય કોરાડિયા, માનનીય સદસ્ય, ગુજરાત વિધાનસભા, જૂનાગઢ આ સમારોહમાં મુખ્ય મહેમાન હતા. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢનાં સંશોધન નિયામક ડો. આર. બી. માદરીયા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અજીત કુમાર શાસની, ડાયરેક્ટર, ઝર્જીંઈ-નેશનલ બોટનિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, લખનૌ, આ શુભ દિવસે સન્માનિત અતિથિ તરીકે તેમની હાજરી સાથે પ્રસંગને શોભાવ્યો હતો. ડો. એસ. કે. બેરા, ડાયરેક્ટર, ભાકૃઅનુપ-મગફળી સંશોધન નિદેશાલય, જૂનાગઢ, એ પ્રતિનિધિઓનું સ્વાગત કર્યુ હતુ અને ઝછઈ-ઙ્ઘઈ, જૂનાગઢની નોંધપાત્ર સિદ્ધિઓની માહિતી આપી હતી તેમજ મહેમાનોનું પણ સન્માન કર્યું હતુ. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ६૦૦ થી વધુ ખેડૂતોએ કિસાન મેળામાં સક્રિયપણે ભાગ લીધો હતો. કિસાન મેળામાં લગભગ ૧૯ કૃષિ આધારિત કંપનીઓએ તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું અને ખેડૂતોએ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ખેડૂતોએ ડિરેક્ટોરેટની ઉચ્ચ ઓલિક મગફળીની જાતો, ગિરનાર-૪ અને ગિરનાર-૫, અને અન્ય તકનીકો પર હકારાત્મક પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો. મગફળીના ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન અને અદ્યતન મગફળી ટેકનોલોજી અપનાવવા બદલ મગફળી સંશોધન નિદેશાલય દ્વારા પાંચ પ્રગતિશીલ ખેડૂતોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ડો. સી. એસ. પ્રહરાજ, મુખ્ય વૈજ્ઞાનિક એ આ પ્રસંગે આભાર માન્યો હતો.

***Press Note: Foundation Day Celebration and Kisan Mela Organized at ICAR-DGR, Junagadh, Gujarat***

## KESARI (02-10)



કેસરી

# મગફળી સંશોધન નિદેશાલય દ્વારા સ્થાપના દિવસ અને કિસાન મેળાની ઉજવણી કરવામાં આવી






જૂનાગઢ તા.૧ ભાકુઅનુપ-મગફળી સંશોધન નિદેશાલય, જૂનાગઢ દ્વારા ૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ તેનો ૪૫મો સ્થાપના દિવસ અને કિસાન મેળાની ઉજવણી કરવામાં આવી છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનાં માનનીય કુલપતિ ડો. વી. પી. ચોવટીયાનાં અધ્યક્ષસ્થાને કિસાન મેળો યોજાયો હતો. સંજય કોરાડીયા,માનનીય સદસ્ય, ગુજરાત વિધાનસભા, જૂનાગઢ આ સમારોહમાં મુખ્ય મહેમાન હતા. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢનાં સંશોધન નિયામક ડો. આર. બી. માદરિયા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહ્યા હતા. ડો. અજીત કુમાર શાસની, ડાયરેક્ટર, સી.એસ.આઈ.આર. નેશનલ બોટનિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂર, લખનૌ,આ શુભ દિવસે સન્માનિત અતિથિ તરીકે તેમની હાજરી સાથે પ્રસંગને સોભાવ્યો છે. ડો. એસ. કે. બેરા, ડાયરેક્ટર, ભાકુઅનુપ-મગફળી સંસોધન દિનેશાલય,જૂનાગઢ, એ પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું. અને આઈ. સી. એ. આર- ડી. જી. આર, જૂનાગઢની નોંધપાત્ર સિધિઓની માહિતી આપી અને મહેમાનોનું પણ સન્માન કર્યું. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ૬૦૦ થી વધુ ખેડૂતોએ કિસાન મેળામાં સક્રિયપણે ભાગ લીધો હતો. કિશાન મેળામાં લગભગ ૧૯ કૃષિ આધારીત કંપનીઓએ તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કર્યું હતું અને ખેડૂતોએ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ખેડૂતોએ ડિરેક્ટોરેટની ઉચ્ચ ઓલિક મગફળીની જાતો, ગિરનાર-૪ અને ગિરનાર-૫, અને અન્ય તકનીકો પર હકારાત્મક પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો. મગફળીના ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન અને અદ્યતન મગફળી ટેકનોલોજી અપનાવવા બદલ મગફળી સંશોધન નિદેશાલય દ્વારા પાંચ પ્રગતિશીલ ખેડૂતોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ડો. સી. એસ. પ્રહરાજ, મુખ્ય વૈજ્ઞાનિક એ આ પ્રસંગે આભાર માન્યો.

***Press Note: Foundation Day Celebration and Kisan Mela Organized at ICAR-DGR, Junagadh, Gujarat***



કે, તમે કામ જોઈ લો ચાલુ કરો ત્યાં બે- પાંચ દિવસમાં વર્કઓર્ડર આવી જશે. તો અધિકારી આવ્યા નહીં બહાર નિકળી ગયા હતા. આમ, મેયરે 8 નવેમ્બર સુધીમાં કામ શરૂ થઇ જશે તેવો મહિલાઓને વાયદો આપતા મામલો થાળે પડ્યો હતો.

# ખેડુતોને મગફળીનું ઉત્પાદન વધારવા માર્ગદર્શન અપાશે

## 45 વર્ષમાં મગફળીની અનેક નવી જાતનું કર્યું સંશોધન

ભાસ્કર ન્યૂઝ | જૂનાગઢ

જૂનાગઢમાં આજથી 45 વર્ષ પહેલા જેની સ્થાપના થઇ હતી તેવા મગફળી સંશોધન કેન્દ્રના સ્થાપના દિવસે આજે જૂનાગઢ ખાતે ખેડૂત મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 600 જેટલા ખેડૂતો ઉપરાંત કૃષિ સંશોધકો, વૈજ્ઞાનિકો અને ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેવાના છે. રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂતો સાથે વાર્તાલાપ અને ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. એ ઉપરાંત સંશોધન કેન્દ્રના શ્રેષ્ઠ કર્મચારીઓનું અને ખેડૂતોનું સન્માન કરાશે. દેશની આગામી જરૂરિયાત અને તેમાં મગફળી તેમજ તેલના ઉત્પાદન અંગેની સ્થિતિને કેમ બદલી શકાય તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. જૂનાગઢ મગફળી સંશોધન કેન્દ્ર દેશના તમામ રાજ્યના ખેડૂતોને મગફળીના વાવેતરથી લઈને ઉત્પાદન સુધી તમામ પ્રકારનું માર્ગદર્શન આપી રહ્યું છે.